અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ તથા સંબંધિત શૈક્ષણિક યોજનાઓ હેઠળ ઓનલાઈન અરજી કરવા માટે માર્ગદર્શક સૂચનાઓ તથા યોજનાકીય વિગતો

(વર્ષ ૨૦૨૬-૨૭)

નિયામક, આદિજાતિ વિકાસ

ગુજરાત રાજ્ય

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ તથા સંબંધિત શૈક્ષણિક યોજનાઓ હેઠળ ઓનલાઈન અરજી કરવા માટે માર્ગદર્શક સૂચનાઓ

- ➔ ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ મારફત શૈક્ષણિક યોજનાઓ હેઠળ અરજી કરવા માટે **https://gssp.gujarat.gov.in** પોર્ટલનો ઉપયોગ કરવાનો રહેશે.
- ➔ સૌપ્રથમ **Login/Register** બટનના ડ્રોપ-ડાઉન મેનુમાંથી **Citizen Login** પર ક્લિક કરવું. પોર્ટલ પર પોતાની નોંધણી થયેલ ન હોય, તેવા પ્રથમ વાર અરજી કરતા વિદ્યાર્થીઓએ **New Registration (Citizen)** પર ક્લિક કરી મોબાઈલ નંબર અને ઇ-મેઈલ આઈ.ડી. સાથે પોતાની નોંધણી કરવાની રહેશે. પાસવર્ડ માટે આપેલી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. તે પછી મોબાઈલ નંબરના આધારે પોતાનું એકાઉન્ટ ખુલી શકશે.
- ➔ પાસવર્ડ ભૂલી ગયા હોય અથવા હાલની પાસવર્ડ પોલિસી સાથે સુસંગત ન હોય તેવો પાસવર્ડ ધરાવતા વિદ્યાર્થી **Forgot Password? Click here** પરથી નવો પાસવર્ડ ગોઠવી શકશે.
- ➔ એકાઉન્ટ ખોલવા માટે મોબાઈલ નંબર પર 'વમ ટાઈમ પાસવર્ડ' મેળવવો જરૂરી છે. નોંધણી દરમિયાન ઉપયોગમાં લીધેલ મોબાઈલ નંબર ઉપલબ્ધ ન હોય, તો જિલ્લા કચેરી ખાતે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી એકાઉન્ટમાં પોતાનો મોબાઈલ નંબર બદલી શકાશે.
- ➔ **https://www.digitalgujarat.gov.in** પરથી અરજી કરનાર વિદ્યાર્થીએ **Services** ડ્રોપ-ડાઉન મેનુમાં **Scholarship Services** પસંદ કરવાનું રહેશે.
- ➔ **Scholarship Service Requests**માં અગાઉના વર્ષો પસંદ કરી **Show** બટન પર ક્લિક કરતા અગાઉના વર્ષો દરમિયાન કરેલ અરજીઓ જોઈ શકાશે.
- ➔ નવી અરજી કરવા માટે **+ Request a New Service** બટન પર ક્લિક કરી લાગુ પડતું વર્ષ પસંદ કરવાનું રહેશે. તે પછી રાજ્ય સરકાર મારફત અમલી વિવિધ યોજનાઓ વિભાગ-વાર પ્રદર્શિત થશે. તે પૈકી અરજી કરી શકાય તેવી હાલમાં ચાલુ યોજનાઓ લીલા રંગમાં તથા અરજીઓ મેળવવાનું બંધ કરવામાં આવેલ યોજનાઓ લાલ રંગમાં પ્રદર્શિત થશે.
- ➔ લીલા રંગથી પ્રદર્શિત યોજનાઓ પૈકી વિદ્યાર્થી જે યોજના હેઠળ અરજી કરવા ઇચ્છે, તે પસંદ કરી (૧) **Registration Detail**, (૨) **Bank Details**, (૩) **Academic Details**, (૪) **Disability Detail** અને (૫) **Attachment**, એમ પાંચ તબક્કામાં વિગતો ભરવાની રહેશે. તમામ વિગતો ચોકસાઈપૂર્વક ભરાયેલ છે, તેની ખાતરી કરી **Verify Mobile Number** અને તે પછી **Confirm & Final Submit** બટન પર ક્લિક કરવાનું રહેશે.
- ➔ ભારત સરકાર-પુરસ્કૃત પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના (**Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarship** અથવા **Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarship (Freeship Card / Medical Loan Student Only)**) હેઠળ અરજી કરનાર વિદ્યાર્થી માટે ઓ.ટી.આર. નંબર ફરજિયાત છે.
- ➔ ચાલુ વર્ષ દરમિયાન તમામ યોજનાઓ હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આધાર કાર્ડ સાથે સીડ થયેલ બેન્ક ખાતામાં ચુકવણું કરવામાં આવશે. વિદ્યાર્થીએ પોતાનું આધાર કાર્ડ બેન્ક ખાતા સાથે સીડેડ હોય, બેન્ક ખાતું **DBT-enabled** હોય, તેમજ બેન્ક ખાતું બંધ કે સ્થગિત ન હોય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આધાર કાર્ડ સાથે

સીડ થયેલ બેન્ક ખાતાની વિગતો **https://www.npci.org.in** વેબસાઈટના **Customer** વિભાગમાં **Bharat Aadhaar Seeding Enabler (BASE)** વિકલ્પ પસંદ કરીને **Aadhaar Mapped Status** પરથી જોઈ શકાશે. આધાર કાર્ડ સાથે બેન્ક ખાતું સીડ થયેલ ન હોય અથવા ઇચ્છિત બેન્ક ખાતા સિવાયના અન્ય બેન્ક ખાતા સાથે સીડ થયેલ હોય, તો **Aadhaar Seeding/Deseeding** સુવિધાનો ઉપયોગ કરી આધાર કાર્ડ નવેસરથી સીડ કરી શકાશે. ભવિષ્યમાં ઉપરની સુવિધા શિષ્યવૃત્તિ માટે અરજી કરતી વખતે **Bank Details** પાના પર જ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- ➔ છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીએ હોસ્ટેલર હોવા અંગેનું પ્રમાણપત્ર છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરાવી રજૂ કરવાનું રહેશે.
- ➔ રાજ્ય બહારની શૈક્ષણિક સંસ્થાઓ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી ઉપરાંત તમામ દસ્તાવેજોની નકલ શૈક્ષણિક સંસ્થા દ્વારા પ્રમાણિત કરાવી સંબંધિત જિલ્લા કચેરી ખાતે જમા કરાવવાની રહેશે.
- ➔ ફી-શિપ કાર્ડ મેળવવા માટે ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ફી-શિપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીએ તેઓને લાગુ પડતી સંબંધિત ફી-શિપ કાર્ડ યોજનામાં જ અરજી કરવાની રહેશે. વિદ્યાર્થી શિષ્યવૃત્તિ માટે સમયમર્યાદામાં અરજી કરવાનું ચુકી જશે, તો તે ફી-શિપ કાર્ડ ધરાવતા હોવા છતાં યોજના હેઠળના લાભ માટે પાત્ર ગણાશે નહિ. ફી-શિપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીની ટ્યુશન ફી પણ નિભાવ ભથ્થા સાથે વિદ્યાર્થીના આધાર કાર્ડ-સીડેડ બેન્ક ખાતામાં જ જમા થશે, જે તેઓએ નિયત સમયમર્યાદામાં શૈક્ષણિક સંસ્થાને જમા કરાવી દેવાની રહેશે.
- ➔ એક આધાર કાર્ડ નંબર દીઠ વિદ્યાર્થી એક જ અરજી કરી શકશે.
- ➔ વિદ્યાર્થીઓને છેલ્લી તારીખ સુધી રાહ ન જોતાં સમયસર અરજી કરી દેવા વિનંતી છે.

યોજનાકીય વિગતો

ક્રમ	યોજનાનું નામ	પાત્રતા	લાભ
૧	Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarship	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫૦ લાખથી ઓછી - કુમાર અને કન્યા	નિભાવ ભથ્થું + ટ્યુશન ફી
૧અ	Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarship (Freeship Card / Medical Loan Student Only)	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫૦ લાખથી ઓછી - કુમાર અને કન્યા - ફ્રી-શિપ કાર્ડ	નિભાવ ભથ્થું + ટ્યુશન ફી
૨	VKY 156 Post Matric Scholarship for ST Girls Students having annual family income more than 2.50 Lakh	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫૦ લાખથી વધુ - કન્યા	નિભાવ ભથ્થું + ટ્યુશન ફી
૨અ	Post-Matric Scholarship for girls (Having annual family income more than 2.50 Lac) (Freeship Card / Medical Loan Student Only)	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫૦ લાખથી વધુ - કન્યા - ફ્રી-શિપ કાર્ડ	નિભાવ ભથ્થું + ટ્યુશન ફી
૩	Post Matric Scholarship for ST Boys Students Only (Having annual family income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (VKY-8)	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫૦ લાખથી રૂ. ૬.૦૦ લાખ - કુમાર	નિભાવ ભથ્થું + ટ્યુશન ફી
૩અ	Post Matric Scholarship for ST Boys Students Only (Having annual family income between 2.50 to 6.00 Lac) (Freeship card) (State Government Scheme) (VKY-8)	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૨.૫૦ લાખથી રૂ. ૬.૦૦ લાખ - કુમાર - ફ્રી-શિપ કાર્ડ	નિભાવ ભથ્થું + ટ્યુશન ફી
૪	VKY-157 Food Bill Assistance in College Attached Hostels	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૬.૦૦ લાખથી ઓછી - કોલેજ-સંલગ્ન છાત્રાલય ખાતે નિવાસ-સહ અભ્યાસ	રૂ. ૧,૫૦૦/- પ્રતિ માસ લેખે ૧૦ માસ માટે ભોજન બીલ
૫	VKY 164 Instrumental Assistance for First Year Students of Medical , Engineering , Diploma Courses	- વાર્ષિક કૌટુંબિક આવક રૂ. ૬.૦૦ લાખથી ઓછી - તબીબી, ઇજનેરી અથવા ડિપ્લોમા અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં અભ્યાસ	જરૂરી સાધનો ખરીદવા માટે તબીબી અભ્યાસક્રમના કિસ્સામાં રૂ. ૧૫,૦૦૦/-, ઇજનેરી અભ્યાસક્રમના કિસ્સામાં રૂ. ૧૦,૦૦૦/- અથવા ડિપ્લોમા અભ્યાસક્રમના કિસ્સામાં રૂ. ૫,૦૦૦/-ના દરે સહાય